
# ખોરજ બ્રિજ પર બાઈક રેલીંગ સાથે અથડાતાં યુવાનનું મોત

ગાંધીનગર, તા.૨૨

ખોરજ બ્રિજ પર બેફામ હંકારી જતા યુવાનનું બાઈક રેલીંગ સાથે અથડાતા ૨૦ વર્ષીય યુવાનનું ઘટના સ્થળે કરૂણ મોત નિપજયું છે. જયારે બાઈક પાછળ બેઠેલા અન્ય એક યુવાનને ઈજાઓ થવા પામી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ કાનપુરનો અને હાલ ગાંધીનગરમાં રહેતાં ૨૦ વર્ષીય શિવમ અતુલભાઈ બાજપાઈ તેના મિત્ર ગૌરાંગની સાથે આજે બપોરે બાઈક નં. યુ.પી.બી.એમ. ૧૨૫૭ લઈને નીકળ્યો હતો. આ દરમિયાન જિલ્લાના ખોરજ બ્રિજ પર બપોરના સમયે પૂર ઝડપે બાઈક લઈને પસાર થતી વેળાએ બાઈક પર કાબૂ ન રહેતા માર્ગ પરની રેલીંગ સાથે અથડાયું હતું.

પૂરપાટ ગતિએ દોડતું બાઈક રેલીંગને અથડાતા બાઈકચાલક શિવમને છાતીના ભાગે ગંભીર ઈજા થવા પામી હતી. જેના અંતે યુવાનનું ઘટનાસ્થળે મોત નિપજયું હતું. જયારે બાઈકચાલકને પાછળ બેઠેલા યુવાન ગૌરાંગને પણ ઈજાઓ થતા તેને તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધી પી.એમ.આઈ. ડી.કે. સોલંકીએ વધુ તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામમાં ગટરલાઈનના કામનો આરંભ કરવામાં આવ્યો છે. આ સમાચારથી ગામમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. (તસવીર : દિપક જાની)

# વાવોલ ગ્રીન સિટીમાં રહેતા એનઆરઆઈનો મૃતદેહ મળ્યો

## નોકરીએ હાજર ન થતાં કંપનીના સ્ટાફે ઘરે તપાસ કરી

ગાંધીનગર, તા.૨૨

વાવોલમાં સ્થિત ગ્રીનસીટી સોસાયટીના મકાનમાંથી આજે બપોરે એન.આર.આઈ.નો મૃતદેહ મળી આવતા પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર વાવોલ ખાતે ગ્રીનસીટી સોસાયટીના મકાન નં. ઈ-૧૨માં ત્રીજા માળે રહેતા ૫૫ વર્ષીય રિચાર્ડ એલન મેન્ડવીઝ મૂળ અમેરિકાના હતા. જયારે વર્ષ ૨૦૦૫થી તેઓ ગાંધીનગર ખાતે સે-૨૫માં આવેલ સોનિક કંપનીમાં નોકરી કરતા હતા. આ દરમિયાન આજે સવારે ૪ કલાકે તેઓ નોકરીથી પોતાના ઘરે પરત આવ્યા હતા.

જયારે બપોરની શિફટમાં કંપનીએ હાજર ન થતા કંપનીના સ્ટાફે તપાસ શરૂ કરી હતી. આ દરમિયાન તેમના ઘરે તપાસ કરવા ગયા તો રિચાર્ડ એલનનો મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગે સે-૭ પોલીસ મથકે જાણ કરવામાં આવી હતી. સે-૭ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. સી.કે. ખરાડીએ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આધેડનું હાર્ટ એટેકથી મોત નિપજયું હોવાની પણ સંભાવના સેવાઈ રહી છે.

# અરૂણભાઈ બુચના અમૃત મહોત્સવ નિમિત્તે બે ગ્રંથોનો ૨૭મીએ વિમોચન સમારંભ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના હોદ્દેદારો, વિવિધ વસાહત મંડળો અને ગાંધીનગર શહેરની સેવાભાવી અને સામાજિક સંસ્થાઓ તથા સંગઠનો તરફથી શ્રી અરૂણભાઈ બુચને તેમની અમૃતોત્સવની ઉજવણી પ્રસંગે તામ્રપત્રથી સન્માન કરવામાં આવનાર છે. તા. ૨૭ મે, રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે સ્ટાફ ઈજનરી કોલેજ ચ-૫, ગાંધીનગર ખાતે યોજાનાર છે.

અરૂણોદય સેવા ટ્રસ્ટ અને ગાંધીનગર શહેર વસાહત મહામંડળના સંયુક્ત ઉપક્રમે પૂજ્ય સંતશ્રી રમેશભાઈ ઓઝાના સાનિધ્યમાં, રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીને પ્રેરક ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ છે. આ પ્રસંગે શ્રી અરૂણભાઈ બુચને તામ્રપત્ર અર્પણ કરશે. તેમજ 'સામાજિક સેવામાં સામાજિક કાર્યકરની જવાબદારી' વિષય ઉપર સંતશ્રી રમેશભાઈ ઓઝા માર્મિક વકતવ્ય રજૂ કરશે. શ્રી અરૂણભાઈના જીવનના યાદગાર અને પ્રેરક પ્રસંગોનું એક પુસ્તક 'કર્મયોગી અરૂણભાઈ'નું વિમોચન થશે.

સામાજિક, કલા, સાહિત્ય, શૈક્ષણિક સંસ્થાઓ આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રયત્નશીલ બનશે.




દરિયાપુર દરવાજા પાસે ભાજપના કાર્યકરો દ્વારા કોંગ્રેસના વિરોધમાં દેખાવો કરવામાં આવ્યા હતા.

# વેરા બાબતે રાજધાની વસાહત સેવા મંડળનો સખત વિરોધ

ગાંધીનગર, તા. ૨૨

રાજધાની વસાહત સેવા મંડળના પ્રમુખ રજુજી ગોલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગાંધીનગર મહાનગરપાલિકા બનતા સરકાર વેરા નાખવા જઈ રહી છે. કમ્મરતોડ મોંઘવારીમાં પોતાનું ગુજરાન ચલાવવામાં મુશ્કેલી અનુભવતો માણસ આ વેરા કેવી રીતે ભરશે!

વેરા હાલમાં કોઈને પાલવે તેમ નથી આજે વેરા નાખવામાં આવે છે તે હાલની સરકારે વેરા નાખવા દેવા ન જોઈએ અને આ માટે ગવર્મેન્ટે ગ્રાન્ટ ફાળવી જોઈએ. કરોડો રૂપિયાના ફાલતુ ખર્ચા રોકવા જોઈએ અને તે અટકાવીને નગરપાલિકાને આપવા જોઈએ જેથી મહાનગરપાલિકા પોતાનો વહીવટ સારો ચલાવી શકે. ગાંધીનગરમાં સરકારી કર્મચારી અને વેપારીઓ રહે છે. અન્ય પ્રાઈવેટ મકાન ધરાવે છે. ગાંધીનગરમાં કોઈ મોટા ઉદ્યોગો નથી જેથી રોજગારી મળી શકે. ગાંધીનગરમાં બેકાર માણસો માટે કોઈ આવક નથી વેરા હાલમાં કોઈને પરવડે તેમ નથી, સ્થાનિકજનો તેનો સખત વિરોધ કરે છે. ગાંધીનગરની સ્વૈચ્છિક સંસ્થાઓ અને ગાંધીનગરના લોકો વેરાની બાબતમાં પરેશાન છે. જો વેરો નખાશે તો ગાંધી ચિંધ્યો માર્ગ લોકો અપનાવી આંદોલન કરશે.

# વોક્સવેગન પણ ગુજરાતમાં કાર પ્લાન્ટ સ્થાપવા સુસજ્જ

અમદાવાદ, તા. ૨૨


જર્મનીની મહાકાય ઓટો કંપની વોક્સવેગન પણ ગુજરાતમાં એન્ટ્રી કરવાની યોજના બનાવી ચુકી છે. મળેલી માહિતી મુજબ વોક્સવેગન હવે ગુજરાતમાં કાર પ્લાન્ટ સ્થાપિત કરવાની શક્યતા ચકાસી રહી છે. મહારાષ્ટ્રમાં ૨ હજાર કરોડના મુડીરોકાણ પ્લાનને મોકુફ કરી દેનાર કંપની હવે ગુજરાતમાં કાર પ્લાન્ટ સ્થાપિત કરવાની યોજના ધરાવે છે. ગુજરાતમાં એક પછી એક વિશ્વની મહાકાય કાર કંપનીઓ એન્ટ્રી કરી રહી છે. ઓટો પાર્ટ બનાવતી કંપનીઓ પણ ગુજરાત ઉપર પસંદગી ઉતારી રહી છે. ગુજરાતના પર્યાવરણને જોતા મોટાભાગની કંપનીઓ ગુજરાતમાં એન્ટ્રી કરવા ઈચ્છુક છે. આવા સમયમાં ગુજરાત ઝડપથી ઓટો ક્ષેત્ર હબ તરીકે ઉભરી રહ્યું છે. જનરલ મોટર્સે રાજ્યમાં સૌથી પહેલા પોતાની એન્ટ્રી કરી હતી. વર્ષ ૧૯૯૬માં હાલોલ ખાતે આ કંપનીએ કોમર્શિયલ પ્રોડક્સની શરૂઆત કરી હતી. તાતા મોટર્સે પણ વર્ષ ૨૦૦૮માં સિંગુર ખાતેથી પોતાના નેનો કાર પ્લાન્ટને ખસેડીને સાણંદમાં લાવવાનો નિર્ણય કર્યો હતો. અન્ય કંપનીઓ પણ ગુજરાતમાં એન્ટ્રી કરવાની જાહેરાત કરી ચુકી છે. જેમાં ફ્રાન્સમાં મહાકાય કંપની પ્યુજોટ પણ ગુજરાતમાં આવવાની જાહેરાત કરી ચુકી છે. પ્યુજોટે ગયા વર્ષે જ સાણંદમાં એક વર્ષમાં ૪ લાખ કાર બનાવી શકે તેવા પ્લાન્ટ માટે ૪ હજાર કરોડ રૂપિયા રોકવાની જાહેરાત કરી ચુકી છે. જાપાનિજ કાર બનાવતી કંપની ટોયોટા કિર્લોસકરની ભારતીય કંપની પણ ગુજરાતમાં કાર પ્લાન્ટની શક્યતા ચકાસી રહી છે. મારૂતિ સુઝુકિએ પણ ગયા વર્ષે ગુજરાતમાં તેની ફેકટરી માટે દરખાસ્ત મંજુર કરી દીધી છે. સતત એક પછી એક કંપનીઓ ગુજરાતમાં એન્ટ્રી કરી રહી છે. થોડાક દિવસ પહેલા જ વોગ્સવેગન માટે કામ કરતી કન્સલ્ટનસી કંપનીના અધિકારીઓ મળ્યા હતા. અને કેટલાક સ્થળોની ચકાસણી કરી હતી. અમદાવાદ અને વડોદરાના આસપાસના વિસ્તારોની ચકાસણી કરવામાં આવી હતી. એક અગ્રણી અંગ્રેજી અખબારો આ અંગની માહિતી આપતા જણાવ્યું છે કે વોગ્સવેગનની નવી તૈયારી શરૂ થઈ ચુકી છે. જો કે વોગ્સવેગનના પ્રવકતાએ કહ્યું છે કે હાલમાં ભારતમાં કોઈ પ્લાન્ટ સ્થાપિત કરવાની તેની યોજના નથી.

# પાટનગરની સત્યાગ્રહ છાવણી એટલે સેક્ટર-૬

રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિનો ખુલ્લો રંગમંચ એટલે સેક્ટર-૬. અહિં નવરાત્રીમાં રાસ - ગરબાની રમઝટ પણ જામે, બાળ મેળાઓનું પણ આયોજન થાય, કોઈ પણ પ્રકારના કારીગરો પણ સવારે સેક્ટર-૬/ડીના મેદાનમાં મળી રહે. સર્કસના હેરત પમાડે તેવા ખેલ પણ આ મેદાનમાં જોવા મળે હેન્ડીક્રાફટ મેળા તથા ખાદી ગ્રામોદ્યોગની હાટડી બજાર પણ આ મેદાનમાં ભરાય. એટલું જ નહીં રાજકીય જાહેર સભાઓ તથા આંદોલનકારીઓ માટે નારાબાજી લગાવવાની સુંદર મોકળાશ આ મેદાનમાં મળી રહે છે. માટે જ એમ કહી શકાય કે સેક્ટર-૬/ડીનું ખુલ્લું મેદાન કલારસિકો અને આંદોલનકારીઓ માટેનું મોસાળ છે. ગાંધીનગર અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં બસ સુવિધા પુરી પાડતી વિટકોસનું બસ મથક પણ આ સેક્ટરની શોભા છે. એક જ સેક્ટરમાં બે પેટ્રોલપંપ આ સેક્ટરની વિશેષ ખાસિયત છે. છતે દિકરે ઘરબાર વગરના વૃદ્ધ વડીલો માટેનું આશ્રય સ્થાન 'ક્રિષ્ના વૃદ્ધાશ્રમ' સેક્ટર-૬/ડીમાં આવેલું છે. જેમાં આશરે ૨૫ થી ૩૦ વડીલો આશ્રય લઈ રહ્યા છે. અન્ય સેક્ટરોની જેમ આ સેક્ટરમાં પણ ધર્મની ધજાઓ ફરકતી જોવા મળે છે. જેમાં અંબાજી મંદિર, ચંદ્રમૌલેશ્વર મંદિર, રોહિદાસ મંદિર, સ્વામિનારાયણ સત્સંગ મંદિર બીએપીએસ અને એસએમવીએસ તથા ભુવનેશ્વર મંદિર મુખ્ય છે. ખૂણે ખાંચરે આસ્થાની નાની દેરીઓ તો ખરી જ. બાળકોના શિક્ષણ માટે સરકારી પ્રાથમિક શાળા સરસ્વતી સ્કૂલ તથા નાણાવટી સ્કૂલ પણ કાર્યરત છે. સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શ્રી બળદેવભાઈ સુથાર અને ઈન્દુમતિબેન નિમાવત રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત થયા છે જે આ સેક્ટર માટે ગૌરવપ્રદ કહી શકાય. અહીં પોલીસ સ્ટેશન પણ છે. સેક્ટર-૬ના પોલીસ સ્ટેશનમાં બોર્ડ માર્યું છે સેક્ટર-૭ પોલીસ સ્ટેશન આ પણ એક અજાયબી જ કહી શકાય ને? વિશેષમાં અપના બજાર, સુપર માર્કેટ, અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો. ઓપ. બેન્કની શાખા પણ સેક્ટર-૬/ડીમાં આવેલી છે. ગાંધીનગરના નવા સેક્ટરનું સત્તાવાર શાક માર્કેટ સેક્ટર-૬માં બનાવ્યું છે પણ વસાહતીઓને આ શાક માર્કેટ શોધવામાં તકલીફ પડે તેવું છે. મેઈન શોપીંગની સામે બગીચો છે જ્યાં સાંજના ટાઈમે વડીલો વર્તુળાકારમાં બેસી સુખ - દુઃખની આપ-લે કરે છે અને મન હળવું કરે છે.

જાણીતા નાટ્યકાર શ્રી કુંતલ નિમાવત, કશ્યપ નિમાવત અને અભિનેત્રી શ્રીમતિ કુંપલ દવે આ સેક્ટરમાં વસવાટ કરે છે. રાસ - ગરબાના નિષ્ણાંત ટ્રેનર જગતસિંહ ઝાલાની અહીં કર્મભૂમિ છે.

સાહિત્ય જગતનું મુઠી ઉંચેરું નામ એવા શ્રી મોહંમદ માંકડ તથા કથાકાર શ્રી કનુભાઈ દવે અને પ્રખર સમાજ સેવક શ્રી અનિલભાઈ જોષી આ સેક્ટરની પ્રતિભાવંત વ્યક્તિઓ છે. ભાજપ શહેર પ્રમુખ શ્રી રૂચિર ભટ્ટ પણ સેક્ટરની જાહેર પ્રવૃત્તિમાં સક્રિય યોગદાન આપતા રહે છે. આમ તો સેક્ટર વસવા લાયક છે પણ સોનાની થાળીમાં લોઢાની મેખ સમી ઝૂંપડપટ્ટી સેક્ટરની શોભા બગાડી નાંખે છે. સેક્ટર-૭ તરફ જવાના રસ્તે ઘ રોડ પર સૌથી વધુ અકસ્માતોનો ભય રહે છે. જાહેર શૌચાલયનો અભાવ સૌ કોઈને કનડે છે પણ શું થાય આ સમસ્યા તો સમગ્ર ગાંધીનગરને નડે છે... બાકી સેક્ટર છે મજાનું વસવાટ કરવા લાયક.







# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૭

સૂર્યાસ્ત : ૭.૧૭

## તાપમાન

મહત્તમ : ૪૧.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૩૧ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** ડિપાર્ટમેન્ટ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :** હાઉસફુલ- ૨ : ૧૦.૦૦

ઈશકઝાદ : ૧.૦૦, ૩.૪૫, ૧૦.૧૫

છોટા ભીમ : ૬.૩૦, ૮.૧૫

જન્નત ૨ : ૮.૦૦

**સ્ક્રીન-૩ :** છોટા ભીમ : ૧૦.૦૦

જન્નત ૨ : ૧૨.૦૦, ૧૦.૧૫

વીકી ડોનર : ૨.૩૦

હાઉસફુલ- ૨ : ૪.૪૫

ઈશકઝાદે : ૭.૪૫

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** ડિપાર્ટમેન્ટ : ૧૦.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

છોટા ભીમ : ૧.૧૫, ૫.૪૫ -

ધ એવેન્જર (હિન્દી) : ૩.૦૦

**સ્ક્રીન-૨ :** ડિપાર્ટમેન્ટ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૩ :** જન્નત -૨ : ૧૦.૩૦, ૧.૩૦, ૧૦.૦૦

ડિપાર્ટમેન્ટ : ૪.૩૦ - ડેનજર્સ ઈશ્ક ૨ડી : ૭.૩૦

**સ્ક્રીન-૪ :** ઈશકઝાદે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

મર મીટેંગે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

સાચુ સુખ ગુજરાતનું : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ :** વિરોધીઓની તરફ ધ્યાન ન આપીને સ્વયં કાર્ય કરો. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે. વ્યપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. કુટુંબના કોઈ વ્યક્તિથી વિવાદ થઈ શકે છે.

**વૃષભ :** વ્યવસાયિક પ્રતિસ્પર્ધામાં તમારી વિજય થવાનો યોગ છે. માલ મિલકતની બાબતો ઉકેલાશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે.

**મિથુન :** દિવસ મધ્યમ ફળદાયી રહેશે. ખર્ચ અનાવશ્યક રૂપથી વધશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. પ્રયત્નોમાં અસફળતાથી નિરાશાત્મક વિચારોમાં વૃદ્ધિ થશે.

**કર્ક :** જીવનસાથીના વ્યવહારમાં અનુકૂળતા રહેશે. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે. આળથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે. ઉપહાર મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ઉન્નતિ થશે.

**સિંહ :** જોખમના કાર્યથી બચવું જોઈએ. કૌટુંબિક સમસ્યાની ચિંતા રહેશે. વ્યપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે. ખાન-પાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે.

**કન્યા :** આમોદ પ્રમોદના અવસર આવશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. લગ્ન સંબંધી ચર્ચા ચાલશે.

**તુલા :** પારિવારિક જીવન સંતોષપ્રદ રહેશે. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખવી. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ.

**વૃશ્ચિક :** વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં નવીન યોજનાઓનું શ્રીગણેશ થશે. આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે. વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

**ધન :** ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. આરોગ્ય સારું રહી શકશે. આવકથી વધારે ખર્ચ નકરો. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે.

**મકર :** મકાન સંબંધી સમસ્યાનો સમાધાન થવાનો યોગ છે. ભૌતિક સુખ- સમૃદ્ધિ વધશે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે.

**કુંભ :** લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા જરાકમાં જ ઉકેલાઈ શકે છે. વ્યવસાયમાં વૃદ્ધિનો યોગ છે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો. કાર્યની ગતિ બનાવી રાખો. જોખમના કાર્યથી બચવું.

**મીન :** યશ, ઉત્સાહમાં વધારો થશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચિ રહેશે. શુભ સમાચાર મળી શકે છે. પૂર્વમાં કરેલ કાર્યોનું ફળ મળવાની શક્યતા છે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. તખતજી પુંજાજી વાઘેલા (ઉ.વ. ૮૪) મુ.પો. કોલવડા તા., જિ. ગાંધીનગર
- સ્વ. દિલીપસિંહ ભીમસિંહ પરમાર (ઉ.વ. ૩૩) મુ.પો. પેથાપુર તા., જિ. ગાંધીનગર
- સ્વ. ગજરાબા સુખાજી ચાવડા (ઉ.વ. ૯૨) ૧૧/૨ જી.ઈ.બી. કોલોની, ગાંધીનગર
- સ્વ. જીવણજી બલાજી ઠાકોર (ઉ.વ. ૭૫) મુ.પો. રીદરોલ તા. માણસા, જિ. ગાંધીનગર
- સ્વ. અંબાલાલ સોમાભાઈ સુતરીયા (ઉ.વ. ૭૪) પ્લોટ નં. ૯૯૫/૧, સેકટર-૩/ડી, ગાંધીનગર
- સ્વ. રજુજી ખોડાજી વાઘેલા (ઉ.વ. ૬૮) મુ.પો. પેથાપુર તા., જિ. ગાંધીનગર